# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 26-02-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

***************************************************

1) કેવડિયા ખાતેથી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ચાર દિવસના ગુજરાતના પ્રવાસે ..

2) નિતીશકુમારના નેતૃત્વ વાળી બિહાર સરકારમાં નવા સાત મંત્રીઓએ શપથગ્રહણ કર્યા

3) જમ્મુ કાશ્મીરના રાજૌરીમાં નિયંત્રણ રેખા પાસે સૈન્યવાહન ઉપર આંતકવાદીઓનો ગોળીબાર.. કોઇ જાનહાની નહી

4) મહાશિવરાત્રીના છેલ્લા સ્નાન સાથે પ્રયાગરાજના મહાકુંભ મેળાનુ આજે સમાપન .. 65 કરોડ લોકોનું ત્રિવેણી સંગમમાં સ્નાન

5) બમ બમ ભોલેના નાદ સાથે સમગ્ર દેશમાં મહાશિવરાત્રીની શ્રધ્ધાપૂર્વકની ઉજવણી

.....................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PREZ GUJARAT VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી ગુજરાતનાં ચાર દિવસના પ્રવાસે આવી પહોંચ્યા છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્મા સહિતના મહાનુભાવોએ વડોદરા એરપોર્ટ ખાતે રાષ્ટ્રપતિનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. રાષ્ટ્રપતિએ તેમના પ્રવાસનો પ્રારંભ કેવડીયા ખાતેથી કરી રહ્યાં છે. તેમની ચાર દિવસની યાત્રા દરમિયાન કેવડીયા અને કચ્છ જીલ્લામાં વિવિધ સ્થળોની મુલાકાત લેશે. આ ઉપરાંત તેઓ અમદાવાદ અને ગાંધીનગરમાં બે પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે. સાંભળીએ એક અહેવાલ..

## (વોઇસ કાસ્ટ – અપર્ણા ખૂંટ )

*રાષ્ટ્રપતિ આજે વહેલી સવારે એકતાનગર ખાતેના આરોગ્યવન, મિયાવાકી ફોરેસ્ટ, જંગલ સફારી પાર્ક, સરદાર સરોવર ડેમ, અને એકતા સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરની મુલાકાત કરશે અને તાલીમાર્થીઓ સાથે સંવાદ કરશે. ત્યાર બાદ તેઓ અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલી રાષ્ટ્રીય ડિઝાઈન સંસ્થા- N.I.D.ના 44મા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે. આ સમારોહમાં રાષ્ટ્રપતિ વિદ્યાર્થીઓને સંબોધન કરશે. આ વર્ષે 430 વિદ્યાર્થીઓને ડિઝાઇનની વિવિધ શાખાઓમાં પદવી એનાયત કરવામાં આવશે. અપર્ણા ખૂંટ આકાશવાણી સમાચાર અમદાવાદ*

. . . . . . . . . . . . . . .

# BIHAR

બિહારમાં આજે નીતિશ કુમારના નેતૃત્વ હેઠળના મંત્રીમંડળમાં સાત નવા મંત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો. પટનાના રાજભવનમાં આયોજિત શપથ ગ્રહણ સમારોહમાં રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાને ભાજપના સાત ધારાસભ્યોને મંત્રીપદના શપથ લેવડાવ્યા. શપથ લેનારા નવા મંત્રીઓમાં સંજય સરાવગી, કૃષ્ણ કુમાર મન્ટુ, ડૉ. સુનીલ કુમાર, મોતીલાલ પ્રસાદ, રાજુ કુમાર સિંહ, વિજય કુમાર મંડલ અને જીવેશ કુમારનો સમાવેશ થાય છે. આજના વિસ્તરણ સાથે, નીતિશ કુમારના નેતૃત્વ હેઠળના મંત્રીમંડળમાં હવે મુખ્યમંત્રી સહિત 36 મંત્રીઓ છે.

. . . . . . . . . . . . . . . .

# RIJJIJU SCOLARSHIP

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના નરેન્દ્ર મોદી સરકારે તમામ શિષ્યવૃત્તિઓમાં લાભાર્થીઓની સંખ્યામાં ઘટાડો કર્યો છે તેવા નિવેદન સામે લઘુમતી બાબતોના મંત્રી કિરણ રિજિજુએ વળતો પ્રહાર કર્યો હતો.. સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં, શ્રી રિજિજુએ કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, મંત્રાલયે લઘુમતીઓને પહેલા કરતાં વધુ સશક્ત બનાવ્યા છે.

. . . . . . . . . . . . . . . .

# JAMMU KASHMIR - LoC

જમ્મુ અને કાશ્મીરના રાજૌરી જિલ્લામાં નિયંત્રણ રેખા નજીક આજે શંકાસ્પદ આતંકવાદીઓએ સેનાના વાહન પર ગોળીબાર કર્યો હતો. ઓલ ઈન્ડિયા રેડિયોના જમ્મુ સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે રાજૌરી જિલ્લાના સુંદરબની સેક્ટરમાં ફલ ગામ નજીક જંગલમાં છુપાયેલા આતંકવાદીઓએ ત્યાંથી પસાર થઈ રહેલા સૈન્ય વાહન પર ગોળીબાર કર્યો હતો. સુરક્ષા દળોએ ગોળીબાર કરીને જવાબી કાર્યવાહી કરી. આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી. સુરક્ષા દળોએ સઘન શોધખોળ અભિયાન શરૂ કર્યું છે.

બીજી એક ઘટનામાં, ગઈકાલે રાત્રે જમ્મુ જિલ્લાના અખનૂર સેક્ટરમાં નિયંત્રણ રેખા નજીક કિરી બદ્દલ વિસ્તારમાં શંકાસ્પદ હિલચાલને પગલે સુરક્ષા દળોએ ગોળીબાર કર્યો હતો.

. . . . . . . . . . . . . . . .

# SURAT - FIRE

ગુજરાતના સુરતના કાપડ બજારમાં એક આગ લાગી હતી. ફાયર બ્રિગેડ અને સ્થાનિક પોલીસ દ્વારા આગને કાબુમાં લેવા માટેના પ્રયાસો હાથ ધરાયા હતા.જોકે આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ આઠસોથી વધુ દુકાનોને અસર થઈ છે. આગ લાગવાનું કારણ જાણી શકાયું નથી. પ્રાથમિક તપાસમાં આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું અનુમાન છે.

અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ, આ ઇમારતમાં 24 કલાકમાં આગ લાગવાની આ બીજી ઘટના છે. ગઈકાલે સવારે ભોંયરામાં લાગેલી આગમાં એક કર્મચારીનું મોત નિપજ્યું છે

. . . . . . . . . . . . . . . .

# DELHI ASSEMBLY DEPUTY SPEAKER ELECTION

દિલ્હી વિધાનસભામાં આવતીકાલે ડેપ્યુટી સ્પીકર પદ માટે ચૂંટણી યોજાશે. વિધાનસભા દ્વારા જાહેર કરાયેલા કાર્યસૂચિ મુજબ, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા મુસ્તફાબાદના ભાજપના ધારાસભ્ય મોહન સિંહ બિષ્ટને દિલ્હી વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર બનાવવાનો પ્રસ્તાવ રજૂ કરશે. કાર્યસૂચિ મુજબ, દિલ્હી સરકારના મંત્રી મનજિંદર સિંહ સિરસા આ પ્રસ્તાવને સમર્થન આપશે.

આ ઉપરાંત, ગઈકાલે ગૃહમાં રજૂ કરાયેલી પાછલી સરકારની દારૂ નીતિ સંબંધિત CAG રિપોર્ટ પર પણ ચર્ચા ચાલુ રહેશે.

. . . . . . . . . . . . . . . .

# CBI-CRYPTOCURRENCY

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (CBI) એ ગેનબિટકોઈન કૌભાંડમાં લગભગ 24 કરોડ રૂપિયાની ક્રિપ્ટોકરન્સી જપ્ત કરી છે. સીબીઆઈએ જણાવ્યું હતું કે આ કેસમાં દિલ્હી, પુણે, નાંદેડ, કોલ્હાપુર, મુંબઈ, બેંગલુરુ, ચંદીગઢ, મોહાલી, ઝાંસી અને હુબલી સહિત 60થી વધુ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. સર્ચ દરમિયાન, CBI એ 23.94 કરોડ રૂપિયાની ક્રિપ્ટોકરન્સી જપ્ત કરી, જેમાં ક્રિપ્ટો વોલેટ, કેટલાક દસ્તાવેજો, 34 લેપટોપ અને હાર્ડ ડિસ્ક અને બાર મોબાઇલ ફોનનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# MAHAKUMBH

પ્રયાગરાજમાં વિશ્વનો સૌથી મોટા આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મેળાવડો મહાકુંભનું આજે મહાશિવરાત્રીના દિવસે સમાપન થશે. 13 જાન્યુઆરીથી શરૂ થયેલા મહાકુંભમાં છ અઠવાડિયામાં અત્યાર સુધીમાં 64 કરોડ 60 લાખથી વધુ મુલાકાતીઓ આવ્યા છે, જે તેને વિશ્વનો સૌથી મોટો માનવતાનો મેળો બનાવે છે. આજે સાંજે 4 વાગ્યા સુધી, 1 કરોડ 32 લાખથી વધુ ભક્તોએ પવિત્ર સ્નાન કર્યું. આ મહાકુંભ દરમિયાન સલામત, સુરક્ષિત અને યાદગાર બને તે માટે અધિકારીઓ દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. રેલ્વે સ્ટેશનો, રસ્તાઓ અને શહેરના પ્રવેશદ્વારો પર ભક્તોનો સતત ધસારો જોવા મળી રહ્યો છે.

મહાકુંભનાં સમાપન પ્રસંગે પ્રયાગરાજનાં અવકાશમાં એર-શો યોજવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . . . . .

# RAILWAY-PRAYAGRAJ

મહાશિવરાત્રી નિમિત્તે સંગમમાં ડૂબકી લગાવીને મહાકુંભથી ઘરે પરત ફરતા શ્રદ્ધાળુઓની સુવિધા માટે રેલ્વેએ આજે બપોરે 12 વાગ્યા સુધી પ્રયાગરાજના વિવિધ સ્ટેશનોથી 194 ટ્રેનો ચલાવી હતી. રેલ્વે મંત્રાલયે જણાવ્યું હતું કે આ ટ્રેનોમાં લગભગ દસ લાખ મુસાફરોએ મુસાફરી કરી હતી. મંત્રાલયે જણાવ્યું હતું કે મહાશિવરાત્રી સ્નાન પછી વધારાની ટ્રેનો ચલાવવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે અને પ્રયાગરાજ નજીક વધારાના કોચ તૈયાર રખાયા છે. રેલ્વે આજે પ્રયાગરાજથી 350 ટ્રેનો દોડાવશે.

. . . . . . . . . . . . . . . .

# ICC CHAMPIONS TROPHY

ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાં આજે લાહોરમાં ઈંગ્લેન્ડ અને અફઘાનિસ્તાન વચ્ચે મેચ રમાઈ રહી છે. પ્રથમ બેટિંગ કરતાં અફઘાનિસ્તાને નિર્ધારિત 50 ઓવરમાં 7 વિકેટ ગુમાવી 325 રન કર્યાં હતા. ઈબ્રાહીમ જાદ્રાને શાનદાર બેટિંગ કરતાં 177 રન ફટકાર્યાં હતા. આ સાથે તે ચેમ્પિયન્સ ટ્રોફીમાં સૌથી વધુ વ્યક્તિગત રન કરનારો બેટ્સમેન બન્યો છે. 326 રનના લક્ષ્યાંકનો પીછો કરતાં ઇંગ્લેન્ડે 30 રનમાં જ બે વિકેટ ગુમાવી દીધી હતી. છેલ્લા અહેવાલ પ્રમાણે ઈંગ્લેન્ડના 14 ઓવરમાં 2 વિકેટે 85 રન થયા છે.

. . . . . . . . . . . . . . . .

# DELHI- MAHASHIVRATRI

દિલ્હી સહિત દેશભરમાં મહાશિવરાત્રીનો તહેવાર ખૂબ જ શ્રદ્ધા, ઉત્સાહ સાથે ઉજવવામાં આવી રહ્યો છે. આજે સવારથી જ શહેરના મંદિરોમાં પૂજા માટે ભક્તોની લાંબી કતારો જોવા મળી રહી છે. આ તહેવાર નિમિત્તે દિલ્હીના મંદિરોને રંગબેરંગી રોશની અને ફૂલોથી શણગારવામાં આવ્યા છે. ભક્તો મંદિરમાં ભગવાન શિવ અને માતા પાર્વતીની પૂજા કરીને આશીર્વાદ લઈ રહ્યા છે. આ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ બધાને અભિનંદન પાઠવ્યા છે.

જ્યારે ગુજરાતનાં દ્વાદશ જ્યોતિંલિંગમાં સોમનાથ, દ્વારકાનાં નાગેશ્વર સહિતનાં યાત્રાધામોમાં હજારોની સંખ્યામાં શિવભક્તોએ શિવપૂજામાં ભાગ લીધો.

................

# ANIL JOSHI PM CONDOLENCE

ગુજરાતી સાહિત્યના પ્રખ્યાત કવિ અનિલ જોષીનું આજે મુંબઇ ખાતે અવસાન થયું છે. તેઓ 84 વર્ષના હતા. તેમના નિધન પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દુઃખ વ્યક્ત કરતાં શોકસંદેશમાં જણાવ્યું હતુ કે આધુનિક સમયમાં અનિલ જોષીના સાહિત્ય ક્ષેત્રનું યોગદાન મહત્વપૂર્ણ છે.

ઉલ્લેખનીય છે કે શ્રી જોશીને સાહિત્ય અકાદમી પુરસ્કાર અને નરસિંહ એવાર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . . . . .